ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ

# બુમરાહ અને હાર્દિકને આરામ અપાશે




**ટીમ** મેનેજમેન્ટ બંને ખેલાડીઓને ટી-20 વર્લ્ડકપ માટે ફીટ રાખવા માગે છે

**બંનેને** ન્યૂઝીલેન્ડ સામેની ટી-20 સિરીઝ માટે ટીમમાં સામેલ કરાય એવી અપેક્ષા

નવી દિલ્હી, તા. 29: જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને ન્યૂઝીલેન્ડ સામેની આગામી વનડે સિરીઝ માટે આરામ આપવામાં આવે તેવી શક્યતા છે, એમ એક સ્પોર્ટ્સ વેબસાઈટના અહેવાલમાં જણાવાયું હતું. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ નિર્ણય વધુ મહત્વપૂર્ણ કાર્યોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. 2026 ભારતીય ટીમ માટે વ્યસ્ત વર્ષ છે, અને ટીમ મેનેજમેન્ટ તેના ખેલાડીઓ માટે વર્કલોડ મેનેજમેન્ટને પ્રાથમિકતા આપી રહ્યું છે. આવતા વર્ષની શરૂઆતમાં T20 વર્લ્ડકપ યોજાવાનો હોવાથી, ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે તેના બે સિનિયર મર્યાદિત ઓવરના ખેલાડીઓ સંપૂર્ણપણે ફિટ રહે.

આ બંને ખેલાડીઓ કિવીઝ સામે T-20 સિરીઝમાં રમશે. વર્લ્ડકપ પહેલા આ ભારતની છેલ્લી T-20 સિરીઝ હશે, અને બંને ખેલાડીઓ વર્લ્ડકપની તૈયારી માટે પાંચેય મેચ રમે તેવી અપેક્ષા છે. હાર્દિકે આ વર્ષે માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ પછી એક પણ વનડે રમી નથી, જ્યારે બુમરાહ 2023 વર્લ્ડકપ ફાઇનલ પછી એક પણ વનડે રમ્યો નથી.

ટીમ મેનેજમેન્ટ હાલમાં T20 મેચોને પ્રાથમિકતા આપી રહ્યું છે, કારણ કે T-20 વર્લ્ડકપ 7 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે, જ્યાં ભારત તેના ખિતાબનો બચાવ કરશે. ન્યૂઝીલેન્ડ સામેની વનડે સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં થઈ શકે છે.

### પંતની પસંદગી પણ મુશ્કેલ છે

આ શ્રેણી માટે ટીમમાં ઋષભ પંતની પસંદગી પણ મુશ્કેલ છે. જો પંતને તક નહીં મળે, તો વિકેટકીપર ઇશાન કિશન અથવા જીતેશ શર્મા માટે દરવાજા ખુલી શકે છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પહેલી વનડે 11 જાન્યુઆરીએ બરોડામાં રમાશે, ત્યારબાદ 14 જાન્યુઆરીએ રાજકોટમાં બીજી મેચ અને 18 જાન્યુઆરીએ ઇન્દોરમાં ત્રીજી વનડે રમાશે. ત્યારબાદ 21 થી 31 જાન્યુઆરી દરમિયાન નાગપુર, રાયપુર, ગુવાહાટી, વિશાખાપટ્ટનમ અને તિરુવનંતપુરમમાં T20 શ્રેણી રમાશે.

### ઐયરને ટીમમાં સામેલ કરાશે કે કેમ?

મુંબઈ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી ઉન્મેશ ખાનવિલકરે જણાવ્યું હતું કે એસોસિએશન ભારતીય બેટ્સમેન શ્રેયસ ઐયર સાથે ચાલુ વિજય હજારે ટ્રોફીના અંતિમ તબક્કા માટે તેની ઉપલબ્ધતા અંગે વાત કરશે. ઐયર ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડે દરમિયાન થયેલી ઈજામાંથી સ્વસ્થ થવાના વધુ મૂલ્યાંકન માટે 25 ડિસેમ્બરથી BCCI સેન્ટર ઓફ એક્સેલન્સમાં છે. એ જોવું રસપ્રદ રહેશે કે અજીત અગરકરના નેતૃત્વવાળી પસંદગી સમિતિ ઐયરને ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝ માટે પસંદ કરે છે કે નહીં.

# ખરાબ પિચ બદલ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડને એક ડિમેરિટ પોઈન્ટ



**આઈસીસીએ** ચોથી એશિઝ ટેસ્ટ માટેની પિચને અસંતોષકારક ગણાવી

**પહેલા** દિવસે વીસ વિકેટ પડી હતી અને બીજા દિવસે 16 વિકેટ પડી હતી અને કોઈ બેટ્સમેન અડધી સદી પણ બનાવી શક્યો ન હતો

**નિયમ** મુજબ 6 ડિમેરિટ પોઇન્ટ મળવા પર સ્ટેડિયમ પર એક વર્ષ સુધીનો પ્રતિબંધ લાગી શકે

સિડની, તા. 29 (એપી): સોમવારે ICCએ મેલબોર્નમાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ચોથી એશિઝ ટેસ્ટ માટે પિચને અસંતોષકારક ગણાવી અને MCGને એક ડિમેરિટ પોઇન્ટ આપ્યો. મેચ રેફરી જેફ ક્રોએ તેમના રિવ્યુ રિપોર્ટમાં જણાવ્યું હતું કે પિચ બોલરોની વધુ પડતી મદદ કરી રહી હતી.

ચોથી ટેસ્ટના પહેલા દિવસે વીસ વિકેટ પડી હતી અને બીજા દિવસે 16 વિકેટ પડી હતી અને કોઈ બેટ્સમેન અડધી સદી પણ બનાવી શક્યો ન હતો. ઈંગ્લેન્ડે બે દિવસમાં ટેસ્ટ જીતી લીધી હતી.

ICCએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ચોથી એશિઝ ટેસ્ટ માટે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પરની પિચ અસંતોષકારક હતી, જેના માટે ICC પિચ અને આઉટફિલ્ડ મોનિટરિંગ પ્રક્રિયા હેઠળ MCGને એક ડિમેરિટ પોઇન્ટ આપવામાં આવ્યો છે.'

ઉલ્લેખનીય છે કે નિયમ મુજબ 6 ડિમેરિટ પોઇન્ટ મળવા પર સ્ટેડિયમ પર એક વર્ષ સુધીનો પ્રતિબંધ લાગી શકે છે.

વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશીપમાં કોનેરુ અને એરીગેસીએ બ્રોન્ઝ મેડલ જીત્યા

# PM મોદીએ અભિનંદન પાઠવ્યા

**હમ્પી** 8.5 પોઈન્ટ સાથે બે અન્ય ગ્રાન્ડમાસ્ટર સાથે ટોચ પર હતી પરંતુ ટાઇબ્રેક નિયમોને કારણે તેને બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો

**વિશ્વનાથન** આનંદ પછી આ સ્પર્ધામાં બ્રોન્ઝ જીતનાર એરીગૈસી પ્રથમ ભારતીય

**ઓપન** વર્ગમાં કાર્લસને ટાઇટલ જીત્યું




દોહા, તા. 29 (પીટીઆઈ): ભારતીય ચેસ સ્ટાર કોનેરુ હમ્પીને રવિવારે અહીં FIDE વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપના મહિલા વર્ગમાં ત્રીજા વર્લ્ડ રેપિડ ટાઇટલ માટેના પ્રયાસમાં ભારે દુઃખનો સામનો કરવો પડ્યો જ્યારે તેને ક્રૂર ટાઇ-બ્રેક નિયમના કારણે બ્રોન્ઝ મેડલ સાથે સંતોષ માનવો પડ્યો હતો. બીજી બાજુ ઓપન વર્ગમાં ભારતના અર્જુન એરીગેસીને પણ બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. બંને ભારતીય ખેલાડીઓના આ મેડલ વિજય બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

હમ્પીએ ટુર્નામેન્ટમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કર્યો હતો. સ્પર્ધાના અંતિમ રાઉન્ડ પછી તે 8.5 પોઈન્ટ સાથે બે અન્ય ગ્રાન્ડમાસ્ટર સાથે ટોચ પર રહી હતી, પરંતુ ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશનના (FIDE) ટાઈબ્રેક નિયમોને કારણે તેને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. જો હમ્પીએ રવિવારે ટાઇટલ જીત્યું હોત, તો તે ત્રણ વર્લ્ડ રેપિડ ટાઇટલ જીતનાર પ્રથમ મહિલા બની હોત. તેણે અગાઉ 2019 અને 2024માં ટાઇટલ જીત્યા હતા. મોદીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'દોહામાં 2025 FIDE વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપમાં મહિલા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતવા બદલ કોનેરુ હમ્પીને હાર્દિક અભિનંદન. રમત પ્રત્યેનું તેમનું સમર્પણ પ્રશંસનીય છે. ઓપન વર્ગમાં બ્રોન્ઝ જીતવા બદલ અર્જુન ઐરીગેસી પર ગર્વ છે, અભિનંદન.' અર્જુન એરિગેસીએ ઓપન કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસને ટાઈટલ જીત્યું હતું જ્યારે રશિયન ગ્રાન્ડમાસ્ટર વ્લાદિસ્લાવ આર્ટેમીવ બીજા સ્થાને રહ્યો હતો. આ ખેલાડીઓ હવે વર્લ્ડ બ્લિટ્ઝ ટુર્નામેન્ટમાં ભાગ લેશે.

# ભુટાનના બોલરનો ટી-20Iમાં 8 વિકેટ લેવાનો રેકોર્ડ

**ભારતના** દીપક ચાહરે બાંગ્લાદેશ સામે 6 વિકેટ લેવાનો પરાક્રમ કર્યું છે



નવી દિલ્હી, તા. 29 (પીટીઆઇ): ભૂટાનના સ્પિનર સોનમ યેશે પુરુષોની T-20 આં ત રરાષ્ટ્રીય મેચમાં આઠ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો છે. ડાબોડી સ્પિનર સોનમ યેશેએ 26 ડિ સેમ્બરે ભૂટાનના ગેલેફુ મા ઇન્ડફુલનેસ સિટી ખાતે મ્યાનમાર સામેની ત્રીજી T-20 આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન આ સિદ્ધિ હાંસલ કરી હતી, 22 વર્ષીય બોલરે સાત રન આપીને આઠ વિકેટ લીધી હતી, જેની મદદથી ભૂટાને મ્યાંમારને 45 રનમાં આઉટ કર્યું હતું. ભૂટાને આ પહેલાં બેટિંગ કરતા નવ વિકેટે 127 રન બનાવ્યા હતા.

ભૂટાન ક્રિકેટે એક્સ પર પોસ્ટ કર્યું, 'એક યાદગાર સ્પેલ. સોનમ યેશેએ અવિશ્વસનીય પ્રદર્શન કર્યું, ચાર ઓવરમાં સાત રન આપીને આઠ વિકેટ લીધી, અને એક નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો.' અગાઉ કોઈ બોલરે કોઈપણ ટી-20 મેચમાં (ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય) આઠ વિકેટ લીધી ન હતી.

### એક ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર

| ખેલાડી | દેશ | વિરૂદ્ધ ટીમ | વિકેટ |
|---|---|---|---|
| સોનમ યેશે | ભુટાન | મ્યાંમાર | 8 |
| સિઝરુલ ઈદરસ | મલેશિયા | ચીન | 7 |
| અલિ દાઉદ | બહરીન | ભુટાન | 7 |
| હર્ષ ભારદ્વાજ | સિંગાપોર | મંગોલિયા | 6 |
| દીપક ચાહર | ભારત | બાંગ્લાદેશ | 6 |

# ભારતીય મહિલા ટીમ શ્રીલંકા સામે ક્લીન સ્વિપ કરવાનો પ્રયાસ કરશે

**આ ટી-20** સિરીઝ આવતા વર્ષે યોજાનાર વર્લ્ડકપ માટે ભારતની તૈયારીઓનો એક મહત્વપૂર્ણ ભાગ

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોસ્ટાર પર સાંજે 7 વાગ્યાથી



તિરુવનંતપુરમ, તા. 29 (પીટીઆઈ): ભારતીય મહિલા ક્રિકેટ ટીમ મંગળવારે અહીં પાંચમી અને છેલ્લી મહિલા T20 મેચ જીતીને શ્રીલંકા સામેની પાંચ મેચની સિરીઝમાં 5-0થી ક્લીન સ્વીપ કરવાનો પ્રયાસ કરશે.

આ સિરીઝ આવતા વર્ષે જૂન-જુલાઈમાં ઈંગ્લેન્ડમાં યોજાનાર T-20 વર્લ્ડકપ માટે ભારતની તૈયારીઓનો એક મહત્વપૂર્ણ ભાગ છે. શ્રીલંકા સામેની વર્તમાન સિરીઝ પછી, ભારતીય ટીમ વર્લ્ડકપ પહેલા ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડમાં ત્રણ-ત્રણ T-20 મેચ રમશે.

ભારતીય ટીમ 2024 T-20 વર્લ્ડકપના ગ્રુપ સ્ટેજમાં બહાર થઈ ગઈ હતી, પરંતુ ત્યારથી, તેણે તેની શૈલી બદલી છે અને વધુ આક્રમક અભિગમ અપનાવ્યો છે, જેના અનુકૂળ પરિણામો મળ્યા છે.

ભારતીય બોલરોએ પ્રથમ ત્રણ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું જેના કારણે બેટ્સમેનોને વધુ મહેનત કરવી ન પડી. જોકે, આ મેચોમાં આક્રમક રમતી શેફાલી વર્માએ પ્રભાવિત કર્યા છે. ભારતની સૌથી મોટી ચિંતા તેની ફિલ્ડિંગ છે. તેઓએ અત્યાર સુધી આ વિભાગમાં સારું પ્રદર્શન કર્યું નથી. છેલ્લી મેચમાં, તેઓએ બે કેચ છોડ્યા અને સ્ટમ્પિંગની તક ગુમાવી.

આ સિરીઝમાં ભારતીય ટીમ માટે ઘણી સકારાત્મક બાબતો હતી. ફાસ્ટ બોલર રેણુકા સિંહ ઠાકુરે આ ફોર્મેટમાં સફળ વાપસી કરી, જ્યારે હંમેશાની વિશ્વસનીય દીપ્તિ શર્મા સતત સારું પ્રદર્શન કરી રહી છે.

જ્યારે શેફાલીએ બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણે અત્યાર સુધીમાં ચાર મેચમાં ત્રણ અડધી સદી ફટકારી છે અને તેનો સ્ટ્રાઈક રેટ 185.82 છે. વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાના ફોર્મમાં પાછી ફરી છે.

શ્રીલંકાની કેપ્ટન ચમારી અટાપટ્ટુએ પણ ફોર્મમાં વાપસી કરી છે પણ તેને અન્ય બેટરોનો સાથ મળ્યો ન હતો.

# કેરિયરના અંત પહેલા 1,000 ગોલ કરવાની રોનાલ્ડોને ખેવના



**હાલમાં** 956 ગોલ સુધી પહોંચેલા રોનાલ્ડોએ 1000 ગોલ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો

દુબઈ, તા. 29 (એપી): ફૂટબોલના દિગ્ગજ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની કારકિર્દીના અંત સુધીમાં 1,000 ગોલ કરવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો છે.

40 વર્ષીય પોર્ટુગલના આ મહાન ખેલાડીને વિશ્વાસ છે કે તે આ લક્ષ્ય હાંસલ કરશે. ઉચ્ચ સ્તરીય વ્યાવસાયિક ફૂટબોલમાં તેના 956 ગોલ છે.

રવિવારે મોડી રાત્રે દુબઈમાં આયોજિત ગ્લોબ સોકર એવોર્ડ સમારોહમાં રોનાલ્ડોને મધ્ય પૂર્વનો શ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવ્યો.

તેમણે કહ્યું, 'જો કોઈ ઈજા ન થાય, તો હું ચોક્કસપણે આ સીમાચિહ્ન હાંસલ કરીશ.'

શનિવારે સાઉદી પ્રો લીગમાં રોનાલ્ડોએ અલ-નાસર માટે બે ગોલ કર્યા, જેનાથી તેની કારકિર્દીના કુલ ગોલ 956 થયા. તેના ગોલની સંખ્યામાં પોર્ટુગલ માટે પુરુષોના આંતરરાષ્ટ્રીય રેકોર્ડ 143 ગોલ પણ સામેલ છે.

રોનાલ્ડો આગામી વર્ષે અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાનાર વર્લ્ડકપમાં પોર્ટુગલનું નેતૃત્વ કરશે. ત્યારે તે 41 વર્ષનો હશે. રીયલ મેડ્રીડ, માનચેસ્ટર યુનાઈટેડ અને યુવેન્ટ્સ જેવી મોટી ટીમોનું તેણે પ્રતિનિધિત્વ કર્યું છે. રોનાલ્ડોએ અત્યાર સુધી વર્લ્ડકપનું ટાઈટલ જીત્યું નથી, તેણે 2016માં પોર્ટુગલ સાથે યુરોપીય ચેમ્પિયનશીપ જીતી હતી.

## વિજય હજારે ટ્રોફી રાઉન્ડઅપ

# દિલ્હીએ સૌરાષ્ટ્રને હરાવ્યું, પ્રિયાંશ-તેજસ્વીની અડધી સદી

બેંગ્લુરૂ, તા. 29 (પીટીઆઈ): સોમવારે વિજય હજારે ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટના ગ્રુપ-ડી મેચમાં ઓપનર પ્રિયાંશ આર્ય અને તેજસ્વી દહિયાની આક્રમક અડધી સદીની મદદથી દિલ્હીએ સૌરાષ્ટ્રને ત્રણ વિકેટથી હરાવ્યું.

વિરાટ કોહલીની ગેરહાજરીમાં રમી રહેલી દિલ્હીએ પ્રિયાંશ (45 બોલમાં 78 રન) અને તેજસ્વીના (51 બોલમાં 53 રન) શાનદાર પ્રદર્શનને કારણે 48.5 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 321 રનનો લક્ષ્યાંક મેળવ્યો. આ પહેલાં સૌરાષ્ટ્રે પ્રથમ બેટિંગ કરતા ઓપનર વિશ્વરાજ સિંહ જાડેજાના 115 રન અને રુચિત આહિરના 95 રનની મદદથી 50 ઓવરમાં સાત વિકેટે 320 રન બનાવ્યા હતા. લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીનો કેપ્ટન ઋષભ પંત પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહ્યો, તેણે 26 બોલમાં 22 રન બનાવ્યા અને પછી ચિરાગ જાનીના બોલ પર જય ગોહિલના હાથે કેચ આઉટ થયો. દિલ્હી ત્રણ મેચમાં 12 પોઈન્ટ સાથે ગ્રુપ ડીમાં ટોચ પર છે.

### હરિયાણાએ ગુજરાતને હરાવ્યું

ગ્રુપ-ડીની એક અન્ય મેચમાં હરિયાણાએ ગુજરાતને 26 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, હરિયાણા 299 રનમાં ઓલઆઉટ થયું, જ્યારે ગુજરાત 300 રનના લક્ષ્યાંકનો પીછો કરતા 273 રનમાં ઓલઆઉટ થયું.

# મુંબઈએ છત્તીસગઢને હરાવ્યું, શાર્દુલની ઘાતક બોલિંગ

છત્તીસગઢ 142 રનમાં ઓલઆઉટ થયું, મુંબઈએ 24 ઓવરમાં જ 9 વિકેટે વિજય મેળવ્યો

જયપુર, તા. 29 (પીટીઆઈ): સોમવારે વિજય હજારે વન-ડે ટ્રોફીની ગ્રુપ સી મેચમાં કેપ્ટન શાર્દુલ ઠાકુરની શાનદાર બોલિંગને કારણે મુંબઈએ છત્તીસગઢને નવ વિકેટથી હરાવીને વિજયની હેટ્રિક પૂર્ણ કરી.

ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી, શાર્દુલએ ફાસ્ટ બોલરો માટે અનુકૂળ પરિસ્થિતિનો પૂરો લાભ લીધો જેના પગલે છત્તીસગઢે પાંચ ઓવરમાં 10 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી.

કેપ્ટન અમનદીપ ખરે (63) અને અજય મંડલ (46) વચ્ચે પાંચમી વિકેટ માટે 105 રનની ભાગીદારી છતાં, છત્તીસગઢ શરૂઆતના પતનમાંથી ક્યારેય બહાર આવી શક્યું નહીં. ટીમ 38.1 ઓવરમાં 142 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. બાદમાં મુંબઈએ અંગકૃષ રઘુવંશી (68 રન) અને સિદ્ધેશ લાડ (48) વચ્ચે થયેલી 102 રનની અણનમ ભાગીદારીની મદદથી મુંબઈએ 24 ઓવરમાં જ 9 વિકેટે વિજય મેળવ્યો.

રમતના પહેલા અડધા કલાકમાં શાર્દુલ છત્તીસગઢ સામે વિનાશકારી પ્રદર્શન કર્યું હતું જ્યારે ડાબોડી સ્પિનર શમ્સ મુલાનીએ છેલ્લી છ વિકેટોમાંથી પાંચ વિકેટ લઈને છત્તીસગઢની ઈનિંગ્સના પતનમાં ફાળો આપ્યો. મુલાનીએ 31 રનમાં 5 વિકેટ લીધી.

# ઉત્તર પ્રદેશે બરોડાને 54 રને હરાવ્યું, જુરેલની અણનમ સદી

રાજકોટ, તા. 29 (પીટીઆઈ): યુવા વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલની (અણનમ 160 રન) ધમાકેદાર અણનમ સદીની મદદથી, ઉત્તર પ્રદેશે સોમવારે વિજય હજારે વન-ડે ટ્રોફીની ગ્રુપ B મેચમાં બરોડાને 54 રનથી હરાવ્યું.



જુરેલે 101 બોલની અણનમ ઈનિંગ્સમાં 15 ચોગ્ગા અને 8 છગ્ગા સાથે ભારતની T-20 વર્લ્ડકપ ટીમમાં પસંદગી ન થવાની નિરાશાને દૂર કરી. તેને રિંકુ સિંહ (63 રન) અને પ્રશાંત વીરનો (35 રન) સારો સાથ મળ્યો.

સાત વિકેટે 369 રન બનાવ્યા બાદ, ઉત્તર પ્રદેશે બરોડાને છેલ્લા બોલમાં 315 રનમાં ઓલઆઉટ કરી દીધું. આ જીતથી ટીમ ત્રણ મેચમાં 12 પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ, જ્યારે જમ્મુ અને કાશ્મીર, વિદર્ભ, બરોડા અને બંગાળના 8-8 પોઈન્ટ છે.

# કોહલી છઠ્ઠીએ દિલ્હી વતી રમશે

**ન્યુઝીલેન્ડ** સિરીઝ માટે ભારતીય વનડે ટીમ 8 જાન્યુઆરી સુધીમાં વડોદરા પહોંચશે



નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશનના (DDCA) અધ્યક્ષ રોહન જેટલીએ સોમવારે જણાવ્યું હતું કે દિગ્ગજ ભારતીય બેટ્સમેન વિરાટ કોહલી 6 જાન્યુઆરીએ બેંગલુરુમાં BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે રેલવે સામે દિલ્હી તરફથી વિજય હજારે ટ્રોફી મેચ રમશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે (BCCI) તમામ કેન્દ્રીય કરાર ધરાવતા ખેલાડીઓ માટે વિજય હજારે ટ્રોફીની ઓછામાં ઓછી બે મેચમાં ભાગ લેવાનું ફરજિયાત બનાવ્યું છે. જોકે, કોહલી આ મહિને ન્યુઝીલેન્ડ સામેની વનડે સિરીઝની તૈયારી માટે ત્રીજી મેચ પણ રમવા માગે છે. 'હાલમાં, તે રમી રહ્યો છે. વિરાટે ત્રણ મેચ માટે પોતાની ઉપલબ્ધતા આપી છે', એમ રોહન જેટલીએ પીટીઆઈને જણાવ્યું હતું. દિલ્હી માટે કોહલી પ્રથમ બે મેચમાં ઉત્તમ ફોર્મમાં હતો, તેણે અનુક્રમે 131 અને 77 રન બનાવ્યા હતા. બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે ન્યુઝીલેન્ડ સિરીઝ માટે ભારતીય વનડે ટીમ 8 જાન્યુઆરી સુધીમાં વડોદરા પહોંચશે, પરંતુ કોહલી પ્રેક્ટિસ માટે એક દિવસ વહેલા પહોંચી શકે છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની વનડે સિરીઝ 11 જાન્યુઆરીથી આ જ મેદાન પર શરૂ થશે.